**<u>રાજકોટ જીલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશ્નર,</u>**
**<u>શ્રી આર. બી. ઈટાલીયા, સમક્ષ</u>**
**<u>વર્કમેન કોમ્પેનસેશન એગ્રીમેન્ટ અરજી નંબર – ૨૭૫ / ૨૦૧૮</u>**

**અ ર જ દા ર :–** **વિદ્યાસાગર શંકરદયાલ પ્રસાદ**
રહે. દેકુલી, બકસર,
બિહાર–૮૦૨૧૧૨

**સા મા વા ળા :–** **(૧) વિ. આઈ. પી. કન્વેયર્સ પ્રા. લી.**
સર્વે નં.–૨૭૫, પ્લોટ નં.–૯, ગેલેકસી ઈન્ડ એસ્ટેટ,
ગ્રેવીટી કાસ્ટેક પાછળ, શાપર વેરાવળ,
જી. રાજકોટ–૩૬૦ ૦૨૪

**(૨) ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.,**
૫૦૧–૫૦૩ અને ૩૦૫ પાંચમો માળ,
ઈસ્કોન અટીરા, ઈસ્કોન હાઈટ પાસે, ગોતરી રોડ,
વડોદરા–૩૯૦ ૦૨૧

| | | | |
|---|---|---|---|
| હાજર રહયા:– | અરજદાર તરફે | :– | વિ. એડવોકેટ **શ્રી એમ. આઈ. મકવાણા** |
| | સામાવાળા નં.–૧, ૨ તરફે | :– | ગેરહાજર |

**– :: હુકમ ::–**

અરજી રજુઆત રેકર્ડ ધ્યાને લીધું. આ કામના અરજદાર/ કર્મચારી તેના વકીલ સાથે હાજર છે. આ કામે જમા થયેલ રકમ વળતર તરીકે કબુલ મંજુર હોવાનું અને કોઈ તકરાર ન હોવાનું જણાવે છે.

આ કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના અરજદાર/કર્મચારી સામાવાળા નં.–૧ની કંપનીમાં નોકરી કરતા હતા દરમ્યાન **તા.૦૯/૦૩/૨૦૧૮** ના અકસ્માત થતા **<u>ડાબા હાથે આંગળામાં</u>** ઈજા થયેલ હોય સામાવાળા નં.–૧ એ સામાવાળા નં.–૨ પાસે તેના કર્મચારીઓનો વીમો લીધેલ હોય સામાવાળા નં.–૨ ના એ આંક–૧ ની અરજી સાથે ફોર્મ–એલ બે નકલમાં રજુ કરી, વળતરની રકમ **<u>રૂા.૨,૬૦,૨૬૦/–</u>** કોર્ટમાં ડીપોઝીટ કરાવી કરાર નોંધી આપવા અરજ કરેલ. સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧) અરજદારના આધારકાર્ડની નકલ
(૨) અરજદારના પાનકાર્ડની નકલ
(૩) અરજદારના પાસબુકની નકલ
(૪) અરજદારનું ડીસીબીલીટી સર્ટીફીકેટ
(૫) અરજદારનું પગારપત્રક અને હાજરીપત્રકની નકલ

વીમા કંપનીએ જમા કરાવેલ રકમ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, રાજકોટમાં રસીદ નં– **<u>૫૨૮૧૪૩</u>** થી ફીકસ ડીપોઝીટ કરાવેલ છે.

આ કામે પક્ષકારોને નોટીસ **આંક –૫**થી બજાવેલ છે. આ કામે જમા રકમ **આંક–૪** થી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા રાજકોટમાં એફ. ડી. કરવા આપેલ હોય તે રકમ માર્ક **૪/૧** થી રસીદ નંબર **૫૨૮૧૪૩** થી ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. આમ ઉપરોકત વિગતે આ કામે કુલ રકમ **રૂા.૨,૬૦,૨૬૦/–** જમા થયેલ છે. અરજદાર/કર્મચારી વકીલ મારફત હાજર થઈ હાલની કરાર નોંધી આપવા અરજ કરેલ છે તથા સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧) અરજદારના આધારકાર્ડની નકલ
(૨) અરજદારના પાનકાર્ડની નકલ
(૩) ગણતરી પુરશીસ

અરજદારે **આંક–૧૦** ના બાંહેધરીપત્રક થી કોઈ વધુ પુરાવો રજુ કરવો નથી અને કોઈ અન્ય દાવા કે કેસ કરેલ ન હોવાનું જાહેર કરેલ છે. અરજી મુજબ આ કામના સામાવાળા નં. ૧ ના એ **આંક–૧૧** થી જમા રકમ અરજદારને ચુકવવા સામે વાંધો નથી તેમ જાહેર કરેલ છે.

આ કામે રેકર્ડ જોતાં અરજદારને થયેલ ઈજાની કાયમી આંશિક અસમર્થતાના **૩૨ %** ડોકટરના પ્રમાણપત્ર મુજબ છે. અરજદારની ઉંમર અકસ્માત સમયે **૪૫ વર્ષ** તથા સરેરાશ પગાર **રૂા.૮,૦૦૦/–** હોવાનું જાહેર થાય છે અને ફેકટર **૧૬૯.૪૪** થી ગણતા આ કામે જમા થયેલ રકમ **રૂા.૨,૬૦,૨૬૦/–**અકસ્માત વળતર ધારા મુજબ યોગ્ય અને ન્યાયી જણાય છે. પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી અને અરજદાર તે રકમ કબુલ કરે છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

**૧.** આ કામે રજુ કરેલ ફોર્મ–એલ / કરારને નોંધી આપવા હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે જમા થયેલ રકમની વહેંચણી અંગે અલગથી હુકમ કરવો.

સ્થળ : રા જ કો ટ.

તારીખ : **૨૪/૦૧/૨૦૧૯**

( રમેશભાઈ બાબુભાઈ ઈટાલીયા )
જીજે–૦૦૮૨૪
કમિશ્નર
કર્મચારી વળતર અધિનિયમ,
મજુર અદાલત નં.– ૧, રાજકોટ.

SNEHA